# સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાની મુખ્ય લાક્ષણિકતાઓ :

## ♦ સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાનો ઉદ્દેશ :

- ગ્રામ ગરીબોની ક્ષમતા પર નિર્માણ કરીને ગ્રામ વિસ્તારોમાં મોટી સંખ્યાના લઘુ ઉદ્યોગ – સાહસોની સ્થાપના કરવાનો છે. એનાં મૂળ એવી માન્યતામાં રહેલા છે કે ભારતમાં ગ્રામ ગરીબો પાસે ક્ષમતાઓ છે અને યોગ્ય સહાય આપવામાં આવે તો અમૂલ્ય માલ સામગ્રી / સેવાઓના સફળ ઉત્પાદક બની શકે.
- સહાયિત કુટુંબો ( હવેથી સ્વરોજગારીઓ તરીકે ઓળખાનાર ) વ્યકિતગત રીતે અથવા જૂથ (સ્વસહાય જૂથ) હોઈ શકે. જૂથ અભિગમ પર ભાર રહેશે.
- સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાનો ઉદ્દેશ, દરેક સહાયિત કુટુંબને ત્રણ વર્ષમાં ગરીબીની રેખા ઉપર લાવવાનો છે.
- આ ઉદ્દેશ પ્રત્યે, સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાને, સ્વરોજગારના તમામ પાસાં આવરી લઈને લઘુ ઉદ્યોગ – સાહસોના સમગ્રતાલક્ષી કાર્યક્રમ તરીકે વિચારવામાં આવી છે, એટલે કે, ગ્રામ ગરીબોનું સ્વસહાય જૂથમાં સંગઠન તથા એમની ક્ષમતાનું નિર્માણ, પ્રવૃત્તિ સમૂહનું આયોજન, આંતરમાળખાકીય વ્યવસ્થાનું નિર્માણ, ટેકનોલોજી, ધિરાણ અને બજાર વ્યવસ્થા.
- લઘુ ઉદ્યોગ – સાહસોની સ્થાપનામાં સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળનો ભાર, સમૂહ અભિગમ પર છે. આ માટે સંસાધનો, લોકોના વ્યાવસાયિક કૌશલ અને બજારોની ઉપલભ્યતા પર આધાર રાખીને દરેક ઘટક માટે ૪ – ૫ ચાવીરૂપ પ્રવૃત્તિઓ નિયત કરવામાં આવશે. ચાવીરૂપ પ્રવૃત્તિઓની પસંદગી ઘટક કક્ષાએ પંચાયત સમિતિઓની અને જિલ્લા કક્ષાએ જિલ્લા ગ્રામિણ વિકાસ સંસ્થા / જિલ્લા પંચાયતની મંજૂરીથી થશે. સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાની સહાયનો મુખ્ય હિસ્સો પ્રવૃત્તિ સમૂહમાં હશે.
- દરેક ચાવીરૂપ પ્રવૃત્તિઓને માટે સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના પરિયોજના અભિગમ અપનાવશે. નિયત કરેલ ચાવીરૂપ પ્રવૃત્તિઓ અંગે પરિયોજના અહેવાલો તૈયાર કરવામાં આવશે. આ પરિયોજના અહેવાલો તૈયાર કરવામાં બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓને ગાઢ રીતે સાંકળવામાં અને સામેલ કરવામાં આવશે. જેથી લોનો મંજૂર કરવામાં વિલંબ નિવારી શકાય અને નાણાં વ્યવસ્થાની પર્યાપ્તતા સુનિશ્ચિત કરી શકાય.
- પ્રવૃત્તિઓઓ સમૂહ માટેના આંતરમાળખાકીય વ્યવસ્થાની સમીક્ષા કરવામાં આવશે અને તૂટ મુકરર કરવામાં આવશે. દરેક જિલ્લા માટે કુલ કાર્યક્રમ ફાળવણીના ૨૦ ટકા ( ઉત્તર પૂર્વના રાજયોની બાબતમાં ૨૫ ટકા ) ની ટોચ મર્યાદાને આધિન રહીને મૂડીરોકાણમાંની નિર્ણાયક તૂટ, સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ પૂરી કરવામાં આવશે. આ રકમ, “ સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના આંતરમાળખાકીય વ્યવસ્થા નિધિ ” તરીકે જિલ્લા ગ્રામીણ વિકાસ સંસ્થા દ્વારા નિભાવવામાં આવશે, અને અન્ય પ્રાપ્તિ સ્થાનોમાંથી વધારાની નાણાંકીય જોગવાઈ ઉત્પન્ન કરવા એનો ઉપયોગ કરી શકાશે.
- સહાય કાર્યક્રમ મારફત આગામી પાંચ વર્ષમાં દરેક ઘટકમાં ૩૦ ટકા ગરીબોને આવરી લેવાનો સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળનો પ્રયાસ છે. ચાવીરૂપ પ્રવૃત્તિઓના આયોજનમાં કાર્યક્રમની ગુણવત્તાને જોખમમાં મૂકયા સિવાય, પંચાયતોની અધિકતમ સંખ્યા આવરી લેવાનું સુનિશ્ચિત કરવા કાળજી લેવામાં આવશે.
- સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના જૂથ અભિગમ પર પણ ધ્યાન કેન્દ્રીત કરશે. આમાં ગરીબોના સ્વસહાય જૂથમાં સંગઠનો અને એમની ક્ષમતાના નિર્માણનો સમાવેશ થશે. દરેક સ્વસહાય જૂથમાં મહિલા સભ્યોને સામેલ કરવાના પ્રયાસ કરવામાં આવશે. આ ઉપરાંત, અન્ય મહિલા જૂથો રચવાનું ચાલુ રહેશે. જૂથ પ્રવૃત્તિને પસંદગી આપવામાં આવશે. અને ઉત્તરોત્તર મોટા ભાગની નાણાંકીય વ્યવસ્થા સ્વસહાય જૂથો માટે હશે.

- ગરીબી રેખાની નીચેની વસ્તી ગણતરીમાં મુકરર કરવામાં આવેલ ગરીબીની રેખા નીચેના કુટુંબોની યાદી ગ્રામસભા પ્રમાણિત કરશે. દરેક ચાવીરૂપ પ્રવૃત્તિ માટે યોગ્ય વ્યકિતગત કુટંબ મુકરર કરવાનું કાર્ય સહયોગલક્ષી પ્રકિયા મારફત કરવામાં આવશે.
- સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાએ ધિરાણ–સહ–સહાયકી કાર્યક્રમ છે. આમ છતાં, ધિરાણ એ સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાનો નિર્ણાયક અંગભૂત ભાગ હશે. સહાયકી માત્ર ગૌણ અને સમર્થનકારી તત્વ હશે. તદ્નુસાર, સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનામાં બેંકોની વધુ મોટી સામેલગીરી વિચારવામાં આવી છે. પરિયોજનાઓનાં આયોજન અને તૈયારી, પ્રવૃત્તિ સમૂહ મુકરર કરવા, આંતરમાળખાકીય વ્યવસ્થાનું આયોજન તથા સક્ષમતા નિર્માણ અને સ્વસહાય જૂથોની પ્રવૃત્તિઓની પસંદગી, વ્યકિતગત સ્વરોજગારીઓની પસંદગી, પૂર્વ ધિરાણ પ્રવૃત્તિઓ અને લોનની વસૂલાત સહિત ધિરાણ પછીના દેખરેખ અને નિયંત્રણમાં એમને ગાઢ રીતે સામેલ કરવામાં આવશે.
- એક વખતના ધિરાણ " ઈજેશન " કરતાં સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના વિવિધ ધિરાણને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કરશે. સ્વરોજગારીઓની ધિરાણ જરૂરિયાતોને કાળજીપૂર્વક આંકવામાં આવશે. એમને વર્ષો પર્યંત એમની ધિરાણ ગ્રાહયતા વધારવા દેવામાં આવશે, અને વાસ્તવમાં તે માટે તેમને ઉત્તેજન આપવામાં આવશે.
- સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના, સુઆયોજિત તાલીમ અભ્યાસક્રમો મારફત કૌશલ વિકાસ પર ભાર મૂકવા પ્રયાસ કરશે. જેમને લોન આપવામાં આવી છે, એમનું મૂલ્યાંકન કરવામાં આવશે અને જરૂરી તાલીમ આપવામાં આવશે. તાલીમની રૂપરેખા, તાલીમનો સમયગાળો અને તાલીમના અભ્યાસક્રમ, મુકરર કરેલ પ્રવૃત્તિઓની જરૂરિયાતોને પહોંચી વળવા અનુકૂળ બનાવાશે. સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાની ફાળવણીના ૧૦ % સુધીની રકમ તાલીમ અંગે અલગ રાખવા જિલ્લા ગ્રામીણ વિકાસ સંસ્થાને છૂટ આપવામાં આવશે. અને તેને " સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના તાલીમ નિધિ " તરીકે નિભાવવામાં આવશે.
- સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના, મુકરર કરેલ પ્રવૃત્તિ સમૂહોમાં ટેકનોલોજીની કક્ષા સુધારવાનું સુનિશ્ચિત કરશે. ટેકનોલોજી વચ્ચે આવવાથી, સ્થાનિક અને બિન – સ્થાનિક બજાર માટે પ્રાકૃતિક અને અન્ય સ્ત્રોતમાંથી સ્થાનિક રીતે મળતી સામગ્રીની પ્રકિયા સહિત સ્થાનિક સંસાધનોમાં મૂલ્ય ઉમેરવાનો પ્રયાસ થશે.
- સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના, સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાના સ્વરોજગારીઓ દ્વારા ઉત્પન્ન કરેલ માલની બજાર વ્યવસ્થાને પ્રોત્સાહન આપશે. આમાં બજારની માહિતી, બજાર નિકાસ, પરામર્શ સેવાઓ તથા નિકાસ સહિત માલની બજાર વ્યવસ્થા માટે સંસ્થાગત વ્યવસ્થાનો સમાવેશ થાય છે.
- અધિકતમ રૂા. ૭૫૦૦ /– ને અધીન રહીને સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળ આર્થિક સહાય પરિયોજના ખર્ચના ૩૦ ટકાએ એક સરખી રહેશે. આમ છતાં, અનુ.જાતિ / અનુ.આદિજાતિઓની બાબતમાં આ ક્રમશઃ ૫૦ ટકા અને રૂા. ૧૦,૦૦૦ /– રહેશે. સ્વરોજગારીઓ ( સ્વસહાય જૂથ ) ના જૂથો માટે રૂા. ૧.૨૫ લાખની ટોચ મર્યાદા ને અધીન રહીને સહાયકી યોજનાના ખર્ચના ૫૦ ટકા રહેશે. સિંચાઈ પરિયોજનાઓ માટે સહાયકી પર નાણાકીય મર્યાદા રહેશે નહિ.
- સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના, ગ્રામ ગરીબોના સહાયપાત્ર જૂથો પર ધ્યાન કેન્દ્રિત કરશે. તે અનુસાર અનુ. જાતિ / અનુ. આદિ જાતિઓ સ્વરોજગારીઓના ઓછામાં ઓછા ૫૦ ટકા અને મહિલાઓ ૪૦ ટકા તથા અપંગો ૩ ટકાના હિસાબે હશે.
- સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજનાનો અમલ જિલ્લા ગ્રામીણ વિકાસ સંસ્થા દ્વારા પંચાયત સમિતિઓ મારફત કરવામાં આવશે. આયોજન, અમલ અને દેખરેખ નિયંત્રણમાં બેંકો તથા અન્ય નાણાકીય સંસ્થાઓ, પી. આર. આઈ., બિનસરકારી સંસ્થાઓ તથા જિલ્લામાંની ટેકનિકલ સંસ્થાઓને સાંકળવામાં આવશે. જીલ્લા ગ્રામીણ વિકાસ સંસ્થાઓને યોગ્ય રીતે ફરી તૈયાર કરવામાં અને સંગીન બનાવવામાં આવશે

- સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળના ૧૫ ટકા નાણાં, અન્ય ખાતા અથવા અર્ધ સરકારી કે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે હાથ ધરવાના સંભવિત વૈકલ્પિક વ્યૂહોના સૂચકો તરીકે પણ કામ કરી શકે એવી દૂરગામી મહત્વ ધરાવતી પરિયોજનાઓ માટે રાષ્ટ્રીય કક્ષાએ અલગ રાખવામાં આવશે. આમાં વ્યકિતગત જિલ્લામાં કે વધારે જિલ્લાઓમાં હાથ ધરવાની પહેલનો સમાવેશ થશે.
- સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના હેઠળના નાણાંનો હિસ્સો ૭૫ : ૨૫ ના ગુણોત્તરમાં કેન્દ્ર સરકાર અને રાજય સરકારો દ્વારા આપવામાં આવશે.

રાજયો માટે અંકિત કરાયેલા કેન્દ્રીય ફાળવણી રાજયોમાં ગરીબીના પ્રમાણમાં સંબંધમાં વહેંચવામાં આવશે. આમ છતાં, વર્ષ દરમિયાન સમાવેશ ક્ષમતા અને ખાસ જરૂરિયાત જેવી વધારાની પારમિતિઓ પણ ધ્યાનમાં લેવામાં આવશે.